# રામનવમીની સાચી ઉજવણી કેવી રીતે કરીશું ?

રામાયણમાં એવી બધી જ મર્યાદાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે કે જેના પાલનથી આખા સમાજનું ઉત્થાન થઈ શકે. શ્રીરામને તો મર્યાદા પુરુષોત્તમ કહ્યા છે. પુરૂષોત્તમ એટલે કે જેઓ મર્યાદાઓનું પાલન કરવામાં ઉત્તમમાં ઉત્તમ છે તેવા પુરુષ. શ્રીરામના આખા રઘુકુળની મર્યાદા પણ કેવી દિવ્ય છે;

રઘુકુલ રીતિ સદા ચલી આઈ,
પ્રાણ જાય અરુ વચન ન જાઈ.

પોતાના પ્રાણથી પણ પોતાના વચનની કિંમત વધુ. ખરેખર જ વચન એ પ્રાણથી કોઈ જુદી વસ્તુ નથી. આપણે જે કાંઈ બોલીએ છીએ તે આપણો સૂક્ષ્મ પ્રાણ જ છે. વાણીના ચાર પ્રકાર છે – પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી. અતિ સૂક્ષ્મ પ્રાણ જ્યારે થોડું સ્થૂળ સ્વરૂપ લે એટલે તે પરા, પરા થોડી વધુ સ્થૂળ થાય એટલે પશ્યંતિ અને આ જ સ્થૂળતાના ક્રમે મધ્યમા અને વૈખરી બને. વૈખરી એટલે વીખરાએલી. મુખદ્વારથી અક્ષરો અને શબ્દોના માધ્યમથી વીખરાઈ જાયતે વૈખરી. માટે વચન છે તે પ્રાણ જ છે અને તેથી વચન ખોટું ન થવું જોઈએ.

રઘુકુળમાં બધી જ મર્યાદાઓ જોવા મળે છે. ભાઈ સાથે ભાઈની, પિતા–પુત્રની, સાસુ–વહુની, દિયર–ભોજાઈની વગેરેની શું ફરજો છે તેનું સૂક્ષ્મ અને સુંદર નિરૂપણ રામાયણમાં છે. શ્રીરામે યજ્ઞો અને ગૌ–બ્રાહ્મણોનું રક્ષણ કરવા પોતાનાં તમામ સુખ–સગવડ ત્યાગી દીધાં અને રાક્ષસોનો સંહાર કરવા નીકળી પડ્યા. રાક્ષસો એટલે શું ? રાક્ષસોને કાંઈ શિંગડાં–પૂંછડાં નથી હોતાં. જેઓ ધર્મ–મર્યાદાઓની વિરુદ્ધ ચાલે તેઓ સૌ રાક્ષસ. આવા રાક્ષસોને ધર્મ પ્રમાણે ચલાવવા રામે બધી સાયબી છોડી. સમજદાર સૌ સમજે છે કે અધાર્મિકોને ધર્મમાં ચલાવવાનો પ્રયત્ન કરીશું ત્યારે તેઓ કાંઈ સખણા નહિ રહે, બધી જ રીતે પરેશાન કરવાનો પ્રયત્ન તેઓ કરવાના જ. માટે પોતાનું સર્વસ્વ બલિદાન કરવાની તૈયારી હોય તેઓ જ આવાં ઉત્તમ કાર્યો કરવાનો સંકલ્પ કરી શકે. સફળતા મળશે કે નિષ્ફળતા તેની ચિન્તા તેમને નથી હોતી.

આપણે તો વાતે વાતે ખોટું બોલીએ છીએ. પછી રામાયણનો રોજ પાઠ કરીએ, કે ગીતાને આખી ગોખી નાખીએ તેથી શું વળે ? તાત્વિક સમજ અને આચરણ હોય તો જ દા'ડો વળે.

શ્રીરામે અન્યોનાં સુખ માટે પોતાનાં સુખ છોડી દીધાં. આપણે બીજા માટે શું છોડીએ છીએ ? આપણે તો આપણા ઘરની અંદરના ઉંદર, વંદા, ગરોળી વગેરે નાના જીવોનો પણ નાશ કરી નાંખીએ છીએ. તેઓ બિચારા આપણું કેટલું બગાડી શકવાના, કે કેટલું ખાઈ શકવાના ? આવા નાના જીવોનો નાશ કરવામાં આપણે શૂરવીર છીએ, કારણ કે તેઓ કાંઈ પ્રતિકાર નથી કરી શકતા. શ્રીરામને આવા નાના જીવોની કનડગત ન લાગી. તેઓ તો રાક્ષસો સામે ગયા. હાલનું વિજ્ઞાન પણ આવા જીવોનો સર્વનાશ કરીને સુખી થવા મથી રહ્યું

છે! પણ ભાઈ! તમે જેમ પરમાત્માના છો તેમ નાના જીવો પણ પરમાત્માના છે. પણ ગણતર વિનાના ભણતરથી આવું સૂક્ષ્મ ગણિત સમજાતું નથી. મોટી ડિગ્રિઓમાં આવાં રહસ્યો દબાઈ ગયાં કે નાના જીવોના પિતા પણ પરમાત્મા છે.

આપણા નાના સંતાનને આપણું મોટું સંતાન હેરાન કરતું હોય તો આપણે ચૂપ રહી શકીએ છીએ ? જો જરૂર પડે તો મોટાને ફટકારીએ પણ છીએ. જો મનુષ્યપિતા આટલી કાળજી રાખતો હોય તો પરમપિતા–વિશ્વપિતા કેટલી કાળજી રાખતા હશે ? આવી વાતો રોજ સાંભળવા છતાં મગજમાં ઊતરતી નથી પછી સુખી ક્યાંથી થવાય ? પછી ભલેને રામાયણના અને 'પ્રાણ જાય અરુ વચન ન જાઈ' ના અખંડ પાઠ કરતાં હોઈએ.

નાનાં જીવજંતુઓનો તો અહીં માત્ર દાખલો આપ્યો છે. આ સિવાય પણ ઘણું બધું આપણે આપણી મેળાએ સમજીને કરી શકીએ તેમ છીએ તે કરતાં નથી પછી સુખી ક્યાંથી થવાય ? આપણે જાતે જ આપણા ગાલ ઉપર થપ્પડો મારતા રહીએ અને પછી બૂમો મારીએ કે મને છોડાવો તો કોણ છોડાવી શકે ?

આખા રઘુકુળની એ મર્યાદા કે વચન માટે પ્રાણ આપી દેવા તૈયાર. ભરતે રાજ્યગાદીનો ત્યાગ કરી દીધો, લક્ષ્મણે સુખ-સગવડ છોડીને રામ સાથે વનમાં જવાનું સ્વીકાર્યું.

બીજું એક સુંદર રહસ્ય છે. સીતાજીના હરણ પછી રામલક્ષ્મણ તેમની શોધમાં ફરતા–ફરતા સુગ્રીવ પાસે પહોંચે છે ત્યારે સુગ્રીવ સીતાજીનાં ઘરેણાં રામ સન્મુખ રજૂ કરે છે. ત્યારે રામ તે ઘરેણાં ઓળખવા લક્ષ્મણને આપે છે. ત્યારે લક્ષ્મણ પગનું ઘરેણું જોઈને કહે છે કે હું રોજ સીતામાતાની ચરણચંપી કરતો હતો તેથી પગનાં ઘરેણાંને ઓળખું છું, બીજાં ઘરેણાંને હું ઓળખાતો નથી. આ વાત સાંભળીને આપણને લક્ષ્મણની મર્યાદા તરફ ખૂબ માન ઉત્પન્ન થાય છે. પણ આ વખતે એ વાત–રહસ્ય છુપાએલું રહે છે કે રામને એ ઘરેણાં લક્ષ્મણને ઓળખવા આપવાની જરૂરત કેમ પડી ? એટલે ને કે પોતે તો સીતાજીના એકેય ઘરેણાને નહોતા ઓળખતા. આથી એ સાબિત થાય છે કે શ્રીરામ પોતાનાં ધર્મપત્નીનું એક પણ અંગ જોવામાં ન આવે એ રીતે વર્તતા હતા.

આર્ય સંસ્કૃતિની એ કમાલ છે – એ ચમત્કાર છે – એ તેનું ચિરંજીવપણું છે કે તેણે પત્ની માટે "ધર્મપત્ની" શબ્દ વાપર્યો–યોજ્યો. "ધર્મપત્ની" શબ્દમાં એટલાં બધાં રહસ્યો છુપાયેલાં છે કે તે શબ્દ ઉપર એક આખો ગ્રંથ લખી શકાય.

આવી હતી રઘુકુળની મર્યાદા. લક્ષ્મણ પોતાનાં ભાભીની ચરણચંપી કરતા. અત્યારે એવો કોઈ દિયર મળે જે પોતાની ભાભીની ચરણચંપી કરે? અને અત્યારે એવી કોઈ ભાભી મળે જે લક્ષ્મણજતિ જેવા દિયર પાસે પગ દબાવરાવવાની યોગ્યતા રાખતી હોય? અને અત્યારે એવા કોઈ પ્રજાજન નીકળે જે દિયર-ભોજાઈના આવા પવિત્ર મર્યાદા-પાલનને પવિત્ર અને નિર્દોષ મુલવણીની દૃષ્ટિએ મૂલવી શકે? કમળાના રોગવાળાને બધે જ પીળું દેખાય.

"પ્રાણ જાય અરુ વચન ન જાઈ" એ રીતિ-નીતિ કેવળ રામની જ નહિ પરંતુ આખા રઘુકુળની, અને આવી રીતિ કેવળ અમુક સમય માટે જ નહિ પરંતુ સદા-સદા માટે ચાલે તેવી. આપણી સાતમી, કે ચોથી, કે બીજી પેઢીનો, કે આપણા પિતાનો જ એવો કોઈ નિયમ-આદર્શ હોય તો તેને આપણે વળગી રહી શકીએ છીએ? વળી બચાવ કરવા દલીલ તો એવી કરીએ કે "બાપનો જમાનો જુદો હતો, આપણો જુદો છે. બાપના કૂવામાં કાંઈ બૂડી ન મરાય, આદર્શ-ફાદર્શનું પાલન કરવા જઈએ તો ભૂખે મરી જઈએ." રઘુકુળને જમાનોય ન નડ્યો અને કોઈ ભૂખે પણ ન મરી ગયા. તેમને તો અનંત પેઢીઓ સુધી "પ્રાણ જાઈ-વચન ન જાઈ" અખંડ ચાલુ રહ્યું.

ગુરુ સંતોનો સત્ ઉપદેશ કદી વ્યર્થ નથી જતો પણ તેનું શીઘ્ર પાલન થાય તો બહુ સારું. નહિ તો ઉંબરા તો ડુંગરા થયા અને પાદર થયાં પરદેશ. પહેલાં મુક્કી મારીને પથ્થર તોડી નાંખતા હતા અને અત્યારે ટેકા વિના બેસી પણ નથી શકતા. પહેલાં ચિત્રકૂટ, ગિરનાર કે હિમાલય જવું એક રમત જેવું હતું, અત્યારે નારણપુરા જવુ હોય તોય ગળચવાં ગણવાં પડે છે! માટે, જ્યારે હામ, દામ અને ઠામ હોય ત્યારે કાંઈક કરી લેવું જોઈએ. બંગલા બનાવ્યા અને કુટુંબનું ભરણપોષણ કર્યું તેમાં શું? કૂતરું પણ પોતાના કુરકુરિયાને જિવાડવા માટે બીજાના કુરકુરિયાને મારીને ઉપાડી લાવે છે. આપણે પણ શું આવું જ કરતાં રહીશું? આપણું કુરકુરિયું પણ જીવે અને બીજાનું પણ જીવે એવું નહિ શીખીએ? શ્રી અરવિંદ તો અતિ-મનસનું અવતરણ કરાવીને અતિ વિકસિત મનુષ્યને સર્જવાની વાતો કરતા હતા, ત્યારે આપણે તો અન્યને પરેશાન કરીને સુખી થવા ઇચ્છીએ છીએ!

સુખી થવાનાં રહસ્યો આપણી અંદર જ છે; પણ આપણી સ્થિતિ દટાયેલા ધનવાળા ટેકરા પર બેસીને ભીખ માંગતા ભિખારી જેવી છે! જો ખરેખર જ આપણે સુખી થવું હોય તો રામનવમી નિમિત્તે નવ મર્યાદાઓની પ્રતિજ્ઞા લઈએ. નવ નહિ તો એક આદર્શ-પાલનનું વ્રત તો જીરૂર લઈએ. તો જ રામનવમીની સાચી ઉજવણી અને સાચો ઉપવાસ કર્યો ગણાય.

આચરણમાં મૂકીને આ લીટીઓને પુનઃ પુનઃ ગજાવીએ કે:

રઘુકુળ નીતિ સદા ચલી આઈ,
પ્રાણ જાય અરુ વચન ન જાઈ.